આજથી ભાવિકો શિવભકિતમાં તરબોળ થશે

સોમવારથી શરૂ થતા પવિત્ર શ્રાવણ માસને અનુલક્ષી ભાવિકોમાં વિશેષ ઉત્સાહ : નગરના શિવાલયોમાં ફુલો અને રંગોળીના સુશોભન વચ્ચે ભગવાન ભોળાનાથની પુજા અર્ચના માટે વિશેષ આયોજન : લઘુરુદ્ર, પ્રદોષ પુજા, શિવમહીમ્ન, મહાઆરતી, ધુન, ભજન સહીતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોથી શિવાલયો ગુંજશે

ગાંધીનગર તા ૮

આજે સોમવાર.. અને પવિત્ર શ્રાવણ માસની શરૂઆત.. ભોળાનાથની પુજા ભકિતમાં ભાવિકો તલ્લીન બનશે. શ્રાવણ માસનો પ્રારંભ પણ સોમવારથી થતો હોવાથી શિવભક્તોનો ઉત્સાહ બેવડાયો છે. શ્રાવણ મહીનાના પ્રારંભ પુર્વે આજે ભાવિકોએ મંદિર સફાઇ અને સુશોભન કરવામાં ઉત્સાહભેર વ્યસ્ત રહ્યા હતા. નગરના શિવમંદિરોમાં ઓમનમઃ શિવાયના જયઘોષ વચ્ચે ભાવિકોની ભીડ જામશે. પરંતુ કોરોના કાળમાં માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સીંગ સહીતની બાબતે પણ જરૂરી તકેદારી રાખવામાં આવશે. નગરના શિવમંદિરોમાં લઘુરુદ્ર, શિવમહીમ્મન, પ્રદોષ પુજા, ધુન ભજન અને મહાઆરતી સહીતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે.

પવિત્ર શ્રાવણ મહીનાની આજથી શરૂઆત થશે. ભગવાન ભોળાનાથની ભકિત પુજામાં ભાવિકો તલ્લીન થશે. ઓમ નમઃ શિવાય અને હર હર મહાદેવના જયઘોષથી નગરમાં અનોખી આદ્યાત્મિક ચેતના જાગૃત થશે. નગરના શિવાલયોમાં ઓમ નમઃ શિવાયના મંત્રોચ્ચારનુ ગુંજન થશે. ભોળાનાથ પર દુધ અને જળનો અભિષેક કરી ભાવિકો ધન્યતા અનુભવશે. શિવજીની પુજા અર્ચના માટે ભાવિકો ઉત્સુક બન્યા છે. ગત વર્ષે કોરોનાના લીધે મંદિરો બંધ રહ્યા હતા જયારે ભાવિકોને પણ મંદિરમાં પ્રવેશ ન મળતા ભકતોએ ઘરે જ બેસીને પુજા

● અનુસંધાન પાન-૭ પર

● ભગવાન શિવને ચઢાવાય છે આ વસ્તુઓ

ભગવાન શિવને પ્રસન્ન કરવા માટે ભકતો બિલિપત્ર, દૂધ, ભાંગ, ધતૂરો વગેરે ચઢાવે છે.

● શ્રાવણ મહિનાના પાંચ સોમવાર

પહેલો સોમવાર - ૯ ઓગષ્ટ
બીજો સોમવાર - ૧૬ ઓગષ્ટ
ત્રીજો સોમવાર - ૨૩ ઓગષ્ટ
ચોથો સોમવાર - ૩૦ ઓગષ્ટ
પાંચમો સોમવાર - ૬ સપ્ટેમ્બર

● ભકતો માટે વેકિસનેશન ફરજીયાત

દર વર્ષે શ્રાવણ મહિનાના પહેલા દિવસથી જ ભકતોની ભારે ભીડ હોય છે. પરંતુ આ વર્ષે કોરોના નિયમો સાથે જ ભકતોને મંદિરમાં પ્રવેશ મળશે. પવિત્ર શ્રાવણ માસમાં ભકતોને ગર્ભગૃહમાં પ્રવેશ નહીં મળે કે નહીં અભિષેક કે મહાપૂજા કરવામાં આવે. મંદિરો દ્વારા નિયમ કરાયો છે કે જે ભકતોએ વેકિસનનો પ્રથમ ડોઝ લીધો હોય તે ભકતોને જ ગર્ભગૃહમાં પ્રવેશ મળશે અને તેમને અભિષેક કરવા દેવાશે. આ સાથે સોમવારના દિવસે મહાદેવનો વિશેષ શણગાર કરાશે. બીપીલત્ર અને ફૂલ ચડાવવા માટેની પણ મનાઈ શિવાલયો તરફથી કરવામાં આવી છે.

● કોરોનાની ગાઈડલાઈનને લીધે પ્રસાદ પણ નહી

સોમવારથી શ્રાવણ માસની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ભકતોને ગર્ભગૃહમાં પ્રવેશ મળશે નહીં. અભિષેક માટે તે જ ભકતો જઈ શકશે જેમણે પ્રથમ અને બીજો ડોઝ લઈ લીધો હશે. આ ઉપરાંત બીલીપત્ર અને પ્રસાદની પણ મનાઈ કરવામા આવી છે. હાલમાં કોરોના સમયને ધ્યાનમાં રાખીને મંદિર તરફથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

● સોશિયલ ડિસ્ટન્સ સાથે દર્શનની વ્યવસ્થા

શિવાલયોમાં દરેક ભકતોએ કોરોના ગાઈડલાઈનનું પાલન કરતા સોશિયલ ડિસ્ટન્સ રાખીને જ મંદિરમાં દર્શનાર્થે આવી શકશે. દરેક ભકતો ગાઈડલાઈન મુજબ જ દર્શન કરી શકશે.

મનપાને રૂ. ૧૭.૩૦ કરોડ અને ત્રણ નગરપાલિકાને રૂ. ૪ કરોડથી વધુના ચેક અપાયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર મહાનગર પાલિકાને મુક્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત આજે રૂ. ૧૭ કરોડથી વધુની ગ્રામ્ટ તેમજ ત્રણ નગરપાલિકાને રૂ. ૪ કરોડથી વધુની ગ્રામ્ટના ચેક એનાયત કરવામાં આવ્યા હતા.

અમદાવાદ ખાતે યોજાયેલ રાજ્યકક્ષાના કાર્યક્રમમાં ગાંધીનગર કમિશનર ડૉ. ધવલ પટેલને રૂ. ૧૪.૫૦ કરોડનો ચેક મુખ્યમંત્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉફરાંત અમદાવાદ ખાતે માણસા નગરપાલિકાને પણ રૂ. એક કરોડ બાર લાખનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર રાયસણ ખાતેના સાંસ્કૃતિક હોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ધારાસભ્ય સુરેશભાઈ પટેલ (મણિનગર) તેમજ શંભુજી ઠાકોરના હસ્તે ગાંધીનગર મનપાને રૂ. ૨.૮૦ કરોડનો ચેક ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી પી. સી. દવેને એનાયત કરવામાં આવ્યો હતો.

જિલ્લા કક્ષાનો દહેગામ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં કલોક નગરપાલિકાને રૂ. ૧ કરોડનો ચેક તેમજ દહેગામ નગરપાલિકાને રૂ. ૧ કરોડનો ચેક પુરવઠા મંત્રી જયેશભાઈ રાદડીયાને હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત આ ગ્રાન્યમાંથી હવે વિકાસના કામો હાથ ધરવામાં આવશે. આ માટેનું આયોજન પણ ઝડપથી કરી દેવામાં આવશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ચોમાસુ અદ્રશ્ય : ઉનાળા જેવો આકરો તાપ : જનજીવન બેચેન

છેલ્લા એક સપ્તાહથી આકાશમાં વરસાદી વાદળો પણ ડોકીયું કરતા નથી : શહેરમાં સિઝનનો માંડ ૫ ઇંચ વરસાદ થયો છે : ભારેથી અતિભારે વરસાદ અંગે હવામાન શાસ્ત્રીઓની આગાહી પણ ઠગારી નિવડી હોવાનો સુર

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં અત્યાર સુધી આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહેતા આજે નહીં તો કાલે મેઘરાજા મહેરબાન થશે તેવી આશ સતત નગરજનોમાં પ્રબળ રહેતી હતી પરંતુ છેલ્લા એક સપ્તાહથી આકાશમાં ડોકીયુ કરતા વાદળો પણ અદ્રશ્ય થઈ ગયા છે. બીજીતરફ આકરા ઉકળાટ અને બફારાથી બેચેન નગરજનો હવે ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૩૪.૫ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે ધીમે ધીમે દિવસનો તાપ પણ આકરો બન્યો છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો માંડ ૫ ઇંચ વરસાદ થયો છે.

ગાંધીનગરમાં આ વર્ષે ચોમાસાની શરૂઆત થઈ હોય તેવો અહેસાસ પણ નગરજનોને થયો નથી અલબત્ત ઝરમરિયા વરસતા વરસાદના લીધે નગરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો છે. સતત વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે વરસાદ હાઉકલી કરી વિદાય લેતા મેઘરાજાએ મનમુકીને મહેર કરી નથી જેના પરિણામે અત્યાર સુધી સિઝનનો માંડ ૫ ઇંચ વરસાદ થયો છે. આવા સંજોગોમાં છેલ્લા એક સપ્તાહથી આકાશમાં પણ વરસાદી વાદળો દેખાતા નથી. દિવસ દરમિયાન આકાશ પણ ચોખ્ખુ જોવા મળે છે. દિવસનો તાપ આકરો બન્યો છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ નોંધપાત્ર છે ત્યારે તાપ પણ આકરો બનતા નગરજનો ઉનાળા જેવી આકરી ગરમી અનુભવી રહ્યા છે. ભર ચોમાસે પણ ઉનાળા જેવો અહેસાસ કરતા નગરજનો વિચિત્ર મોસમની અસરથી પ્રભાવિત છે. વરસાદની ગેરહાજરી વચ્ચે બફારાથી બેચેન શહેરીજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. છેલ્લા એક અઠવાડીયાથી વરસાદ આકાશમાં પણ દેખાતો નથી. વરસાદી વાદળો પણ ડોકીયા કરતા બંધ થઈ ગયા છે. ત્યારે ચોમાસુ અદ્રશ્ય થઈ ગયુ હોય તેવો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. આજથી શ્રાવણ માસ શરૂ થવાનો છે અષાઢમાં ગાજયા મેઘ વરસ્યા નથી ત્યારે આકાશી નઝારાના અંતે શ્રાવણના સરવરિયાની આશ પણ ઠગારી નિવડશે તેમ જણાંઇ રહ્યુ છે. અત્યાર સુધી હવામાન શાસ્ત્રીઓએ ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાત માટે કરેલી આગાહીઓ પણ યોગ્ય ઠરી નથી. હવામાન વિભાગ પણ ઉત્તર ગુજરાતને અનુલક્ષી મોસમનો મિજાજ પારખવામાં સફળ રહ્યુ નથી. હવામાન તજજ્ઞોએ પણ અગાઉ ગત મહીના દરમિયાન ભારે થી અતિભારે વરસાદ વરસશે તેવા સંકેતો આપ્યા હતા પરંતુ આ સમયગાળા દરમિયાન પણ વરસાદ થયો નથી. ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી સિઝનનો માંડ ૫ ઇંચ વરસાદ વરસ્યો છે.

શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર - જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ૧૦ દિવસથી પણ વધુ સમયથી કેસ ન નોંધાતા હવે ગ્રામ્ય વિસ્તારને કોરોના મુક્ત જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ વધી ગઈ છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે ત્રીજે દિવસે કોરોનાનો કેસ નોંધાયો નથી. ત્રણ દિવસથી એક કેસ સે.૨૦માંથી મળી આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

મનપાની પરીક્ષાઓ શાંતિપૂર્ણ સંપન્ન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર મહાનગર પાલિકાની ૫૪ જગ્યાઓ માટે આજે બે તબક્કામાં યાજોયેલ સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંપૂર્ણ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ છે.

આરોગ્ય વિભાગની ૪ સંવર્ગની ૫૪ જગ્યાઓ માટે આજે યોજાયેલ પરીક્ષામાં ૫૦ ટકા જેટલા પરીક્ષાર્થીઓએ હાજરી આપી હતી. ૨૧ કેન્દ્રો પર યોજાવમાં આવેલ આ પરીક્ષાનું સંચાલન જીટીયુ દ્વારા કરાવમાં આવ્યું હતું.

સવારે મલ્ટી પરપઝ હેલ્થ વર્કરની પરીક્ષા યોજાઈ હતી જ્યારે બપોરના સમયે ફિમેલ હેલ્થ વર્કર, ફાર્મીસીસ્ટ, અને લેબ ટેકનીશીયનની જગ્યા માટે આ પરીક્ષાઓ યોજવામાં આવી હતી. ૨૮ હજાર જેટલી અરજીઓ મળી હતી. આજની પરીક્ષા દરમિયાન ૫૦ થી ૫૫ ટકા પરીક્ષાર્થીઓ તેમાં હાજર રહ્યા હતા.

મનપા દ્વારા દરેક કેન્દ્ર પર એક ઓબ્ઝર્વર મુકવામાં આવ્યા હતા. શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા સંપન્ન થતાં તંત્રએ આજે રાહતનો શ્વાસ લીધો હતો.

જરૂરિયાતમંદ લોકોને વસ્ત્રી મળી રહે તે માટે શહેરમાં ઠેર-ઠેર સૌની દિવાલ ઊભી કરવામાં આવી છે. પંચદેવ મંદિર પાસે ઊભી કરવામાં આવેલી સૌની દિવાલનો શેડ તૂટી ગયો છે. જેના કારણે વસ્ત્રો અસ્તવ્યસ્ત નીચે પડી રહ્યા છે. શેડને તાત્કાલિક રિપેર કરવાની જરૂર છે.

રાજ્યના નગરો- મહાનગરોને એક જ દિવસમાં પાંચ હજાર કરોડના ૪૭૧ વિવિધ વિકાસ કામોની ભેટ

પાંચ વર્ષ આપણી સરકારના સૌના સાથથી સૌના વિકાસના અન્વયે શહેરી જન સુખાકારી દિવસના રાજ્યવ્યાપી કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિ

ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શહેરી જન સુખાકારી દિન અન્વયે રાજ્યવ્યાપી બહુવિધ વિકાસ કામોના લોકાર્પણ ખાતમુહૂર્ત અંતર્ગત ૫૦૦૧ કરોડના ૪૭૧ જેટલા વિકાસ કામોની ભેટ રાજ્યની જનતા જનાર્દનને અર્પણ ધરી હતી.

પાંચ વર્ષ આપણી સરકારના સૌના સાથથી સૌના વિકાસના ધ્યેય સાથે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ ની સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યવ્યાપી જનસેવા કામોનું યજ્ઞનું અનુષ્ઠાન આદર્યું છે. આ અનુષ્ઠાનના આજે આઠમા દિવસે શહેરી જન સુખાકારી દિવસમાં રાજ્યભરમાં ૪૧ સ્થળોએ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદમાં આયોજિત રાજ્યકક્ષાના મુખ્ય સમારોહમાં એકસાથે ૩૮૩૯.૯૪ કરોડના ૨૪૭ કામોના ખાતમુહૂર્ત અને ૧૧૬૧.૧૮ કરોડના ૨૨૪ કામોના લોકાર્પણ સંપન્ન કર્યા હતા.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે , આ પ્રજાહિતના વિકાસ કામો અમે જનતા જનાર્દને અમને સોંપેલી જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી. સાફ નિયત, નેક નીતિ થી કરી રહ્યા છીએ.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે ,સરકારો ચૂંટાયા પછી સત્તાના મદમાં આવી જતી હોય તેવું ભૂતકાળના વર્ષો સુધીના શાસનનોમાં જનતાએ જોયુ છે.

અમે સત્તા નો મદ કે - સત્તા મળ્યા નો વટ નહી પરંતુ વિનમ્રતા, જનસેવાની પ્રતિબદ્ધતા સાથે સમર્પિત ભાવે કામ કરનારા લોકો છીએ. સરકાર અને પ્રજા વચ્ચે ખાઈ નહીં પણ સંવાદનો સેતુ પ્રસ્થાપિત કરી જન-જનને પોતીકી સરકારની પ્રતીતિ અમે કરાવી છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, પ્રજા વર્ગો, સમાજ,માનવી, ગરીબ, પીડિત, વંચિત, શોષિત દરેક વ્યક્તિને આપણી સરકારની અનુભૂતિ થાય તેવી સંવેદના સાથે અનેક ફટાફટ નિર્ણય કરીને જનભાગીદારીથી ચાલતાં સુશાસનની પ્રણાલીને દેશનું મોડલ બનાવી છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી રાજ્યમાં નગરો મહાનગરોનો વિકાસ સમયબદ્ધ આયોજન બદ્ધ અને ઝડપી પારદર્શિતા સાથે થઈ રહ્યો છે તેની છણાવટ કરતા નગરો મહાનગરોના તંત્ર વાહકોને આહવાન કર્યું કે, તાકાત હોય એટલા વિકાસકામો કરો નાણાંની જરૂરિયાત રાજ્ય સરકાર પૂર્ણ કરશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શહેરી જનસુખાકારી દિવસે કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો પણ કરી હતી.

રક્તદાન મહાદાન

બેસણું

શ્રી રમેશભાઈ સેધાભાઈ ચૌહાણ
તા. 5/8/2021 ના રોજ અક્ષર નિવાસી થયા છે
તેમનું બેસણું અને સુવાળુ 9/8/2021 ને સોમવારે સવારે 8:30 થી 11:30 કલાકે રાખેલું છે
સદ્ગતની આત્માની શાંતિ માટે સૌ સ્નેહીજનોએ ઘરે બેઠાં પ્રભુને પ્રાર્થના કરવા વિનંતી
શ્રી મયંક આર ચૌહાણ (પુત્ર) 7567060763
શ્રી કનુભાઈ (ભાઈ) 9427303123
શ્રી જયંતીભાઈ (ભાઈ) 9825278323
શ્રી મનુભાઈ (ભાઈ) 8320491256
શ્રી ચંદ્રકાંતભાઈ (ભાઈ) 9376136727
સ્થળ
D/302 ઇન્ફોસિટી ટાઉનશીપ ઘ-0 પાસે ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com